


આપણું ઘર ભડકે બળી રહ્યું છે

આપણા ગ્રહને બચાવવા માટે ગ્રેટા થનબર્ગની હાકલ

લેખ અને ચિત્ર: જેનેટ વિન્ટર

આપણી આબોહવા બદલાઈ રહી છે.

આપણો ગ્રહ ગરમ થઈ રહ્યો છે.

બહુ મોડું થઈ જાય એની પહેલા

શું આપણે એને રોકવા માટે કંઈ કરી શકીયે?

એક બહાદુર છોકરી એની માંગ

કરી રહી છે - અને એ

દુનિયાને પ્રેરિત પણ કરી રહી છે.



પરિસ્થિતિ સુધારવા માટે તમે ક્યારેય નાના નથી હોતા


- ગ્રેટા થનબર્ગ



આપણું ઘર ભડકે બળી રહ્યું છે

આપણા ગ્રહને બચાવવા માટે
ગ્રેટા થનબર્ગની હાકલ

લેખ અને ચિત્ર: જેનેટ વિન્ટર



ગ્રેટા એક શાંત છોકરી છે, જે સ્ટોકહોલ્મ શહેરમાં
એક શાંત જીવન જીવી રહી છે.
એનો કૂતરો રોક્સી એનો મિત્ર છે.





...એ પાછળ બેસેલી અદ્રશ્ય છોકરી, જે કંઈ બોલતી નથી."
એ સ્કૂલમાં હંમેશા પોતાને એકલી લાગતી હતી.



ત્યાં એક દિવસ ગ્રેટાની શિક્ષિકાએ પર્યાવરણ વિષે વાત કહી.
એમણે જણાવ્યું કે આપણો ગ્રહ ગરમ થતો જાય છે. ધ્રુવીય બરફ ઓગળતો જાય છે.
તમામ પશુઓનું જીવન જોખમમાં છે. મનુષ્યનું જીવન પણ.



એ પળથી ગ્રેટાનું જીવન બદલાઈ ગયું.
એણે કલાકો સુધી ધરતીના ગરમ થવા વિષે વાંચ્યું,
અને ફિલ્મો જોઈ.

ગ્રેટા એક જ વસ્તુ પર લાંબા સમય સુધી
વિચાર કરી શકતી હતી.





એણે બરફને ઓગળતા અને સમુદ્રમાં ગાયબ થતા જોયો.



એણે જોરદાર પવન ફૂંકાતો જોયો અને મુશળધાર વરસાદ વરસતા જોયો.



એણે જોયું કે ઊંડા સમુદ્રમાં પરવાળાના ટાપુ ભૂત જેવા નિસ્તેજ થઈ ગયા હતા,
જાણે ગરમ થતા જતા પાણીને લીધે એ બ્લીચ થઈ ગયા હોય.




ગ્રેટાએ દરેક જગ્યાએ પ્રાણીઓને જીવતા
રહેવા માટે સંઘર્ષ કરતા જોયા.



ગ્રેટાએ પૂરને લીધે ઘર, લોકો અને
જાનવરોને ડૂબતા જોયા.



એણે જોયું કે સમુદ્રના વધતા પાણીને
લીધે શહેરો ડૂબી રહ્યા હતા.



એણે જોયું કે સૂરજની પ્રખર ગરમી
ધરતીને શેકી રહી છે, અને સૂકવી રહી છે.



એણે વિનાશકારી દાવાનળને જંગલમાં ફેલાતા જોયો.

આપણું ઘર ભડકે બળી રહ્યું છે



હંમેશા પર્યાવરણના મુદ્દા વિષે વિચારતા રહેવાથી ગ્રેટા ગમગીન થઇ ગઇ.
એણે ભાગ્યેજ કંઇ ખાધું, અને ભાગ્યે જ કંઇ બોલી.



"મારા મગજમાં આ બધા ચિત્રો જાણે અટકી ગયા હતા."
દુઃખી દિવસો લાંબા સમય સુધી વિતતા ગયા.
દરેક દિવસ પછીનો દિવસ વધારે ત્રાસદાયક લાગતો હતો.
ગ્રેટાને લાગતું કે જ્યાં સુધી એ મોટી થશે ત્યાં સુધીમાં પૃથ્વી કદાચ બચશે જ નહીં.
જયારે ભવિષ્ય જ ન હોય, ત્યારે ભણતર નો શું ફાયદો હતો?
ગ્રેટા વિચારતી રહી - હું શું કરી શકું.





ગ્રેટાએ નિર્ણય કર્યો કે પર્યાવરણ માટે,
એ સ્કૂલમાંથી હડતાલ કરશે.



એના માતા-પિતા એની વાત સમજ્યા.



ગ્રેટા એક શુક્રવારે સ્કૂલ ન ગઈ. એ એનું પોસ્ટર લઈને નીકળી જેના પર લખ્યું હતું:
પર્યાવરણ માટે સ્કૂલની હડતાલ.
એ એનું પોસ્ટર લઈને સંસદ ભવન પહોંચી, અને ત્યાં હડતાલ પર બેઠી.
એને આશા હતી કે કદાચ કાયદો બનાવવાવાળા એને અને એના પોસ્ટરને જોશે.



લોકો એની સામેથી પસાર થતા રહ્યા.
એ એટલા વ્યસ્ત હતા કે એની સામે ધ્યાન જ ન આપ્યું.
ગ્રેટા ત્યાં પણ અદ્રશ્ય જ હતી.



પણ એ દર શુક્રવારે સંસદ ભવન જતી.
વરસાદ હોય, ત્યારે પણ.



એના હડતાલની ખબર ફેલાવા લાગી.
ધીરે-ધીરે બીજી સ્કૂલના બાળકો એની હડતાલમાં જોડાયા.
દર શુક્રવારે, સ્ટોકહોલ્મની સ્કૂલો થોડી ખાલી રહેવા લાગી.



વધારે લોકોનું ધ્યાન હડતાલી બાળકો પર ગયું.
સાઇબર સ્પેસમાં શુક્રવારના હડતાલી બાળકોની વાત ફેલાણી.



દરેક જગ્યાએ બાળકો હડતાલ કરવા લાગ્યા.
જો પુખ્ત વયના લોકો આપણા ગ્રહને બચાવવા કંઈ નહીં કરે, તો બાળકો કરશે.

એ શાંત છોકરી, જેને હંમેશા લાગતું હતું કે એ અદ્રશ્ય છે,
એને સંયુક્ત રાષ્ટ્ર સંઘે પોલેન્ડમાં આયોજિત પર્યાવરણની ચર્ચામાં
મહત્વપૂર્ણ લોકોની સામે બોલવા માટે બોલાવવામાં આવી.



ગ્રેટા ત્યારેજ બોલી, જયારે એને લાગ્યું કે બોલવું જરૂરી છે.

"તમે કહો છો કે તમે તમારા
બાળકોને બીજા બધાથી વિશેષ પ્રેમ કરો છો,
તો પણ તમે એની આંખોની સામે
એનું ભવિષ્ય છીનવી રહ્યા છો."

"આપણે અશ્મિભૂત ઇંધણને
ધરતીની
અંદર જ રહેવા દેવું જોઇએ."



એ શાંત છોકરીને દાવોસ, સ્વીત્ઝર્લેન્ડમાં આયોજિત
વિશ્વ આર્થિક ફોરમમાં મહત્વપૂર્ણ લોકો
સાથે વાત કરવા બોલાવવામાં આવી.
બોલવું જરૂરી હતું.

"હું નથી ચાહતી કે તમે આશાવાદી બનો.
હું ચાહું છું કે તમે ભયભીત બનો.
હું ચાહું છું કે તમે રોજ એ ડરને અનુભવો
જે હું રોજ અનુભવું છે.
હું ચાહું છું કે તમારું ઘર ભડકે બળી
રહ્યું હોય એવું વર્તન કરો.
કારણકે એ વાસ્તવમાં થઈ રહ્યું છે."



ગ્રેટા ના વિરોધે દુનિયાના બાળકોને
વિરોધ કરવા પ્રેરિત કર્યા.
એના શાંત અવાજને બીજા હજારો અવાજોએ ગર્જના બનાવી દીધો.

શું તમે અમને સાંભળી શકો છો?


મૌન નહીં વિજ્ઞાન
નફો નહીં ગ્રહ
મારા ભવિષ્યને સળગાવો નહીં
પાણી ઉપર આવી રહ્યું છે અમે પણ!
અમારું ઘર સળગી રહ્યું છે
નકારવું નીતિ નથી
તેલને પૃથ્વીની અંદર જ રહેવા દો
મારી મદદ કરો
મારા ભવિષ્યને સળગાવો નહીં
અમને સ્વચ્છ વાયુ જોઈએ છે
અવાજ ઊંચો કરો જળસ્તર નહીં
પૃથ્વી બચાવો

તમારી માઁ ને પ્રેમ કરો
કોલસો જીવલેણ છે!
આ મારું ભવિષ્ય છે
સ્કૂલની હડતાલ
અમારું ભવિષ્ય તમારા હાથમાં છે
તેલ ને ધરતીની અંદર રહેવા દો
પૃથ્વીને બચાવો
બહાના બંધ કરો
અશ્મિ મૂર્ખ ન બનો
કોઈ બીજી પૃથ્વી નથી
હવા પાણી જંગલ જમીન
પર્યાવરણ અપરાધ રોકો
ધરતીને એક લીલું આલિંગન આપો
ગરમ ગંદવાડ
આપણા ગ્રહને બચાવો

તમે શું

કરશો?



તમારી માઁ ને પ્રેમ કરો
કોલસો જીવલેણ છે!
આ મારું ભવિષ્ય છે
સ્કૂલની હડતાલ
અમારું ભવિષ્ય તમારા હાથમાં છે
તેલ ને ધરતીની અંદર રહેવા દો
પૃથ્વીને બચાવો
બહાના બંધ કરો
અશ્મિ મૂર્ખ ન બનો
હવા પાણી જંગલ જમીન
પર્યાવરણ અપરાધ રોકો
કોઈ બીજી પૃથ્વી નથી
ગરમ ગંદવાડ
ધરતીને એક લીલું આલિંગન આપો
આપણા ગ્રહને બચાવો